# ટ્રાન્સમિશન લાઇન શિફ્ટિંગ, અડાજણ-પાલમાં પાણીકાપ



**પાલ** અને જોગાણીનગર જળ વિતરણ મથકમાંથી પાણી મળી શકશે નહીં

સુરતઃ શહેરના રાંદેર ઝોનના પાલ વિસ્તારમાં આવેલા પાલ જળવિતરણ મથક ખાતેથી ૮૦૦ મીટર વ્યાસની ટ્રાન્સમિશન લાઈન શિફ્ટ કરવાની કામગીરી સુરત મનપાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા આગામી ૧૭મી એપ્રિલ-૨૦૨૫ ને ગુરુવારે હાથ ધરવામાં આવનાર છે. જેના પગલે ૧૭મીએ પાલ જળવિતરણ મથક તેમજ જોગાણીનગર જળ વિતરણ મથકમાંથી સાંજના સમયે જે વિસ્તારને પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે, તે પૂરો પાડી શકાશે નહીં.

જ્યારે ૧૮મી એપ્રિલ ને શુક્રવારે પાલ જળ વિતરણ મથક વિસ્તારનો સવારનો પાણી પુરવઠો ઓછા પ્રેશરથી તેમજ નહીંવત મળવાની શક્યતા જોવાઈ રહી છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં શહેરીજનોએ પીવાના પાણી માટે વલખા નહીં મારવા પડે એ માટે અસરગ્રસ્ત વિસ્તારમાં રહેતા લોકોને જરૂરિયાત મુજબનો પાણીનો સંગ્રહ કરવાની અપીલ મનપા દ્વારા કરવામાં આવી છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

### રાંદેર ઝોનના ક્યા વિસ્તારમાં પાણી કાપની અસર જોવા મળશે

**તા.૧૭-૪-૨૦૨૫ના રોજ પાલ જળવિતરણ મથકના આ વિસ્તારને અસર થશે**

પાલ જળ વિતરણ મથક સંલગ્ન ઓવરહેડ ટાંકીના ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કમાં આવતા સપ્લાયમાં રોયલ પ્લેટિનમ કોમ્પ્લેક્સ, રાજહંસ પ્લેટિનમ, ઓર્ચિડ ઈન્ફિનિટી, નક્ષત્ર એમ્બેસી, પાલનપુર ગામ, હારમની રેસિડન્સી, પંચામૃત કેમ્પસ, શ્રીપદ એન્ટિલિયા, પાલ ગામ તથા તેની આસપાસની સોસાયટીઓ, મોનાર્કથી ગૌરવ પથ રોડ, પાલ હવેલીથી રાજહંસ કેમ્પસથી કબૂતર સર્કલ તથા તેની આસપાસની સોસાયટીઓ સહિતનો વિસ્તાર.

**તા.૧૭-૪-૨૦૨૫ના રોજ જોગાણી જળ વિતરણ મથકના આ વિસ્તારમાં અસર જોવા મળશે**

જોગાણીનગર જળ વિતરણ મથક સંલગ્ન ઓવરહેડ ટાંકીના ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કમાં આવતા સાંજના સપ્લાયમાં આવતી દીપાંજલિ, ગોવિંદધામ, સહજધામ રો હાઉસ, વસંતવિહાર રો હાઉસ, શીખા કોમ્પ્લેક્સ, વિશાલ રો હાઉસ, હરિદ્વાર, આત્મન પાર્ક, મિલન પાર્ક, ગ્રીન વીલા, પરશુરામ ગાર્ડન, આશાનગર, શિવ રો હાઉસ, સંસ્કાર પાર્ક, ઉમા રો હાઉસ, આમ્રપાલી રો હાઉસ, રૂદ્રાક્ષ, યોગેશ્વર પાર્ક, રેખા પાર્ક, હરિઓમનગર, સન બંગલો, ક્રિષ્ણાનગર તથા તેની આસપાસની સોસાયટીઓ સહિતનો વિસ્તાર.

**તા.૧૮-૦૪-૨૦૨૫ના રોજ આ વિસ્તારમાં ઓછા પ્રેશરથી પાણી આવવાની શક્યતા**

પાલ જળ વિતરણ મથક સંલગ્ન ઓવરહેડ ટાંકીના ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કમાં આવતા સવારના સપ્લાયમાં પાલ ટ્વીન ટાવરથી સિદ્ધિવિનાયક હાઈટ્સ, પૂજા ફ્લેટ્સથી અલ્પેશનગરથી સંત તુકારામ વિભાગ-૨ અને વિભાગ-૬થી ઝઘડિયા ચોકડી સુધી તથા તેની આસપાસની સોસાયટી સહિતનો વિસ્તાર.

## રિંગ રોડની કાપડ માર્કેટમાં લાગ્યા પાર્સલોના ઢગલા



છેલ્લા કેટલાક સમયથી સુરતના કાપડ બજારમાં મંદીનો ઓછાયો જોવા મળી રહ્યો હતો. જો કે તસવીરમાં દેખાતા દ્રશ્યો રિંગ રોડની ટેક્સટાઈલ માર્કેટમાં છે જ્યાં કાપડના પાર્સલોના ઢગલા પડ્યા છે. પાર્કિંગની જગ્યાએ પાર્સલોના ઢગલા લાગ્યા હતા. **(તસવીરઃ સતીષ જાદવ)**

**અવ્યવસ્થાથી નારાજ ભક્તોએ હર હર મહાદેવના સૂત્રોચ્ચાર કરી પરિસર ગજવ્યું**

# રિંગ રોડની જમ્મુ એન્ડ કાશ્મીર બેંક પરિસરમાં અમરનાથ યાત્રીઓનો હોબાળો

**બેંક** દ્વારા 100ને બદલે માત્ર 25 લોકોને ટોકન અને રજિસ્ટ્રેશન કરવા જણાવાતાં ગરમીમાં લોકો અકળાયા



સુરત : રિંગરોડની જમ્મુ એન્ડ કાશ્મીર બેંક પરિસરમાં અમરનાથ યાત્રીઓએ હોબાળો મચાવ્યો હતો. J | K બેંક દ્વારા 100 ને બદલે માત્ર 25 લોકોને ટોકન અને રજીસ્ટ્રેશન કરવા જણાવાતાં બેંક બહાર ગરમીમાં ઊભેલા લોકો અકળાયા હતા. બેંક પરિસરમાં અમરનાથ યાત્રાએ જવા માંગતા શ્રદ્ધાળુઓએ હોબાળો મચાવ્યો હતો. એને પગલે પોલીસ બોલાવવી પડી હતી. બેંકે આ વર્ષે પૂરતું આયોજન નહીં કરવા સાથે યાત્રીઓના રજીસ્ટ્રેશનની સંખ્યાની યોગ્ય મંજૂરી નહીં લીધી હોવાનો શ્રદ્ધાળુઓએ આક્ષેપ કર્યો હતો.

શિવસાઈ ગ્રુપના જગદીશભાઈ મેરે કહ્યું હતું કે અમરનાથ ખાતે મહાદેવના દર્શન કરવા જતા પહેલા J |K બેંક દ્વારા 14 એપ્રિલથી આ રજિસ્ટ્રેશનની કામગીરી ચાલુ થઇ છે, જોકે બેંકના સંચાલકોએ 100 લોકોનું રજીસ્ટ્રેશન એક લોટમાં કરવાનું હોય છે. એ માટે મહાદેવ ભક્ત શ્રદ્ધાળુ રાતથી જ બેંકની બહાર પોતાનું રજીસ્ટ્રેશન કરાવવા માટે લાઈન લગાવે છે. પણ આજે સવારે બેંક ખુલી ત્યારે માત્ર 25 યાત્રીઓનું જ રજીસ્ટ્રરેશન કરવાની જાહેરાત થતા લાંબી લાઈનમાં ગોઠવાયેલા લોકો અકળાયા હતા. સુરત શહેર, જિલ્લાના માંડવી, બારડોલી સહિતના દૂરના વિસ્તારોમાંથી પણ લોકો આવ્યા હતા.

# ગંદા પાણીની ફરિયાદોનો 24 કલાકમાં ઉકેલ નહીં આવે તો જવાબદાર અધિકારી સામે પગલાં લેવાશે

**સેન્ટ્રલ** ઝોનમાં પાણી ઓછા પ્રેશરથી આવતું હોવાથી ઈન્ટેકવેલ સાકાર કરાશે

સુરતઃ હાલ ઉનાળાની સિઝનમાં ઘણા વિસ્તારોમાં વાસ મારતું અને ગંદા પાણીની ફરિયાદો વધારે આવતી હોય છે. આ અંગે ફરિયાદો તો થાય છે, પરંતુ તેનો ઉકેલ ત્વરિત આવતો નથી. જેના કારણે લોકોમાં રોષ જોવા મળે છે. મંગળવારે મનપાની પાણી સમિતિની મિટિંગમાં ચેરમેન હિમાંશુ રાઉલજીએ ઉનાળામાં ગંદા પાણીની ફરિયાદોનો તાત્કાલિક નિકાલ લાવવા માટે સૂચના આપી હતી. પાણી લાઈનમાં લીકેજ થવાથી ગંદા પાણીનું મિશ્રણ થતું હોય છે. જેના કારણે ઘણા વિસ્તારોમાં પાણી વાસ મારતું અને ગંદું આવતું હોય છે. જેથી આવી ફરિયાદોનો 24 કલાકની અંદર ઉકેલ લાવવા સૂચના આપવામાં આવી હતી. તેમજ 24 કલાકમાં ફરિયાદોનું નિરાકરણ નહીં થાય તો જવાબદાર કર્મીઓ સામે પગલાં લેવામાં આવશે તેવી પણ સૂચના અપાઈ હતી.

ઉપરાંત શહેરમાં પાણીની લાઈનમાં લીકેજની ફરિયાદો સામે સમયસર કાર્યવાહી ન થતાં ભારે પ્રમાણમાં પાણીનો વેડફાટ થતો હોય તેવા કિસ્સામાં પણ તાત્કાલિક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. તેમજ હાલમાં કેન્દ્રીય જલશક્તિ મંત્રાલય સી.આર. પાટીલ દ્વારા શહેરમાં વધુમાં વધુ રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ સ્થાપિત કરવા માટે અનુરોધ કરાયો છે. જે અંતર્ગત પાણી સમિતિની મિટિંગમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે સભ્યો દ્વારા સંકલ્પ લેવાયો હતો.

ચોમાસાની આગાહી સામે રેઈન વોટર હાર્વેસ્ટિંગને વેગ આપવા માટે સમિતિના 9 સભ્યએ પોતપોતાની 100-100 સોસાયટીઓમાં વોટર હાર્વેસ્ટિંગ યુનિટ સ્થાપિત કરાવવાનો સંકલ્પ લીધો હતો. કોટ વિસ્તારમાં ટેકરી પર આવેલી શેરીઓમાં સતત ઓછા પાણીના દબાણની સમસ્યા ઉકેલવા માટે ગાંધી બાગમાં ઓવરહેડ ટાંકીનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું છે. જ્યારે સમગ્ર સેન્ટ્રલ ઝોન માટે અલગ ઈન્ટેક વેલ બનાવવા માટેનો નિર્ણય લેવાયો છે. તેમજ સરથાણા વોટર વર્ક્સમાં વર્ષ-2009થી કાર્યરત બટર વાલ્વ હવે જર્જરિત બનતાં તેનું રિપ્લેસમેન્ટ જરૂરી બન્યું છે. તંત્ર દ્વારા રૂ.2.23 કરોડના ખર્ચે નવા વાલ્વ બદલવાની કામગીરીને પણ મંજૂરી આપવામાં આવી હતી.

# ઉધના રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં.1 ઉપર 120 દિવસનો બ્લોક

**જરૂરી** સમારકામ અને માળખાકીય સુવિધાઓ માટે ટ્રાફિક બ્લોક લાગુ કરવામાં આવ્યો

સુરતઃ પશ્ચિમ રેલવેના ઉધના સ્ટેશન પર પ્લેટફોર્મ નં.1 અને તેની સંલગ્ન લાઈન નં.1 પર 15 એપ્રિલથી 120 દિવસ માટે જરૂરી સમારકામ અને માળખાકીય સુવિધાઓ માટે ટ્રાફિક બ્લોક લાગુ કરવામાં આવ્યો છે. આગામી 120 દિવસ પ્લેટફોર્મ નં.1 પર કોઈ ટ્રેન ઊભી રહેશે નહીં. ઉધના સ્ટેશનના કોન્કોર્સ લેવલને બનાવવા માટે ફાઉન્ડેશન અને પીલર ઊભા કરવાનું કામ પ્લેટફોર્મ નં.1 પર 120 દિવસ સુધી હાથ ધરવામાં આવશે. પ્લેટફોર્મ નં.1 સાથે જોડાયેલાં તમામ સિગ્નલો અને પોઈન્ટ પર સલામતી માટે સ્ટોપ કોલર ફિટ કરવામાં આવશે અને સંબંધિત રજિસ્ટરમાં લાલ સ્યાહીથી એન્ટ્રી કરવામાં આવશે. કામ શરૂ કરતા પહેલાં તેની ખાતરી કરવામાં આવશે. લાઈન ટ્રાફિક અને વાહનોથી સંપૂર્ણપણે મુક્ત હોવી જોઈએ. ઓવરહેડ ઈલેક્ટ્રિક લાઈનને ચાલુ અને બંધ કરવા માટે ટ્રેક પાવર કંટ્રોલ પરવાનગી અને પ્રમાણપત્રની જરૂર પડશે.

**આ ટ્રેનો પ્લેટફોર્મ નં.1ની ડાઉન લાઇન પર 120 દિવસ સુધી રોકાશે નહીં**

- 19033 ગુજરાત ક્વીન એક્સપ્રેસ
- 59049 વલસાડ-વડોદરા પેસેન્જર
- 09161 વલસાડ-વડોદરા મેમુ
- 19101 વિરાર -ભરૂચ એક્સપ્રેસ
- 19015 દાદર-પોરબંદર
- 69151 વલસાડ-સુરત મેમુ
- 19417 બોરીવલી-વટવા એક્સપ્રેસ
- 12921 ફ્લાઈંગ રાની એક્સપ્રેસ

## બ્લેક ફિલ્મ અને ફેન્સી નંબર પ્લેટ લગાડી ફરતાં વાહનમાલિકો ચેતી જજો

**છેલ્લા** બે દિવસમાં ટ્રાફિક નિયમ ભંગ કરનારા 612 વાહન ચાલક વિરુદ્ધ કાર્યવાહી કરાઈ

સુરતઃ ટ્રાફિક વિભાગ દ્વારા ગત તા.12 રોજ એક સ્પેશિયલ ડ્રાઇવ રાખવામાં આવી હતી. આ ડ્રાઈવમાં છેલ્લા બે દિવસમાં 612 વાહનને દંડ કરવામાં આવ્યો હતો, જેમાં બ્લેક ફિલ્મ લગાડી અને ફેન્સી નંબર લગાવી ફરતાં વાહનો અને લાઉડ સ્પીકર લગાડી ફરતી રિક્ષાઓને દંડ ફટકારવામાં આવ્યો હતો. શહેર વિસ્તારમાં ઘણા વાહનચાલકો પોતાનાં વાહન ઉપર અપારદર્શક (બ્લેક-ફિલ્મ) લગાડી, વાહનમાં ફેન્સી નંબર પ્લેટ લગાડી ફરતા હોય છે અને આવાં વાહનો ઘણી વખત ગંભીર ગુનામાં વપરાયેલાં હોવાના પણ બનાવો બનતા હોય છે. તેમજ ઘણા ઓટો-રિક્ષાચાલકો પોતાની ઓટો-રિક્ષામાં લાઉડ સ્પીકર લગાડી ફરતા હોય છે. ડ્રાઇવ દરમિયાન પરિણામલક્ષી કામગીરી કરવા 40થી વધુ ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમો દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારમાં નિયમભંગ કરતા વાહનચાલકો વિરુદ્ધ 12 મીથી 14મી સુધીમાં સુધીમાં ડાર્ક ફિલ્મના 221 કેસ, ફેન્સી નંબર પ્લેટના 296 કેસ તેમજ ઓટો રિક્ષામાં લાઉડ સ્પીકર લગાડી ફરતા ઓટો રિક્ષાચાલકો વિરુદ્ધ 95 કેસ મળી સ્પેશિયલ ડ્રાઇવ દરમિયાન કુલ 612 વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો હતો.

આગામી દિવસોમાં પણ શહેરમાં આ જ પ્રમાણે ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનચાલકો વિરુદ્ધ સ્પેશિયલ ડ્રાઇવ ચાલુ રખાશે.

# લૂંટેરી દુલ્હન ગેંગનો મુખ્ય આરોપી વિપુલ મહારાજ ચાર મહિને ઝડપાયો

**દીકરીઓની** ઉંમરની યુવતીઓનો યુવકોને છેતરવા ઉપયોગ કરતો હતો

સુરતઃ ચાર મહિના પહેલા બે યુવકોને લૂંટીને બે લૂંટેરી દુલ્હન સહિતની ફરાર થઈ ગયેલી ચાર સભ્યોની ટોળકી પૈકી મુખ્ય આરોપી વિપુલ મહારાજને પોલીસે પકડી લીધો હતો.

મળતી માહિતી મુજબ આ ગેંગ દ્વારા વરાછા રિદ્ધિ પેલેસમાં રહેતા હિંમત ગોરધન વોરાના 22 વર્ષીય પુત્ર રોમિત તેમજ હિંમત વોરાના મિત્ર રવજી રૂપારેલીયાના પુત્ર અતુલની સાથે કન્યાને પરણાવી હતી. બાદમાં કન્યા ભાગી છુટી હતી. આ પ્રકરણમાં કાપોદ્રા બજરંગનગરમાં રહેતો વિપુલ કાનજી મહેતા કન્યા શોધી લગ્ન કરાવી આપતો હતો. વિપુલે આ બંને પ્રૌઢોના પુત્ર માટે રાજપીપળાની બે કન્યાઓની ડિટેઇલ્સ સાથે તેમના ફોટો બતાવ્યા હતા. અતુલ રૂપાવટિયાને કુંતા પસંદ આવી હતી. જ્યારે પદ્મા નામની યુવતીને મહેશ પસંદ આવતાં લગ્નની વાત આગળ વધારવાનું નક્કી થયું હતું.

બાદમાં 15મી ઓગસ્ટે બંનેની વરાછામાં સગાઈ કરાઈ હતી. સગાઈ વખતે તથા બધું મળીને 1.50 લાખથી વધુની રોકડ અને દાગીના આપ્યા હતા. પદ્મા અને રોનિતના લગ્ન પહેલાં 18મી ઓગસ્ટે કાપોદ્રાના અતુલ સાથે કુંતાના લગ્ન કરવામાં આવ્યા હતા. લગ્નના બે દિવસ બાદ તેના પિયર ગયેલી કુંતા ફરી આવી જ ન હતી સાથે પદ્મા પણ ગુમ થઇ ગઇ હતી. નર્મદા જિલ્લાના ભીમપોર ગામે તપાસ કરવામાં આવતાં પાડોશી મારફતે લૂંટેરી દુલ્હન હોવાનું બહાર આવ્યું હતું. ત્રણ મહિના પહેલા પદ્મા નર્મદાનાં તરોપા ખાખરીયા ગામે હોવાની બાતમી વચ્ચે દબોચી લેવાઇ હતી. આ સાથે ટોળકીના અન્યોની પણ તપાસ ચાલી રહી હતી.જેમાં વિપુલ મહારાજને અમરેલીથી પકડી લેવામાં આવ્યો હતો. વિપુલ મહારાજ પોતાની દીકરીઓની ઉંમરની યુવતીઓને લગ્નવાંછુક યુવકોને છેતરવા માટે ઉપયોગ કરતો હતો.

# ‘માતા-પિતાનું દુઃખ જોઈ શકું તેમ નથી’ તેમ લખી રાંદેરના યુવાનનો આપઘાત

**બહેનનાં** લગ્ન તૂટી જતાં માતા-પિતા ટેન્શનમાં રહેતા હોવાનો સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યો

સુરતઃ રાંદેર વિસ્તારમાં આવેલા દીનદયાળ સોસાયટીમાં રહેતા જનકકુમાર જોશી પત્ની અને એક પુત્ર 24 વર્ષીય ક્રિષ્ના તેમજ એક પુત્રી સહિતના પરિવાર સાથે રહે છે. સોમવારે જનકકુમાર પત્ની તેમજ પુત્રી સાથે સોમનાથ ખાતે દર્શનાર્થે ગયા હતા. દરમિયાન કૃષ્ણએ ઘરે સોમવારે સાંજના સમયે રૂમમાં છતમાં લગાવેલ લોખંડના હુક સાથે કાપડની પટ્ટી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસ તપાસ દરમિયાન ક્રિષ્ના પાસેથી લખેલી એક સુસાઇડ નોટ મળી આવી હતી. જે સુસાઇડ નોટમાં ક્રિષ્નાએ મારી બહેન એના લગ્ન તૂટી જવાથી ઘરે રહેતી હતી, તેના લીધે માતા-પિતા ટેન્શનમાં રહેતા હતા. એ માતા-પિતાનું દુઃખ હું જોઈ શકું તેમ નથી સહિતની શબ્દો આ સુસાઇડ નોટમાં ઉલ્લેખ કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ક્રિષ્નાએ બહેનના લગ્ન તૂટી ગયા બાદ ઘરે રહેતી હોવાથી માતા-પિતા સહિતના ઘરમાં ઝઘડાઓ થતાં હતા.

**સ્યુસાઇડ નોટમાં વર્ણવેલી વ્યથા**

મારી બહેન એના લગ્ન તૂટી જવાથી ઘરે રહેતી હતી તેના લીધે મારા માતા-પિતા ટેન્શનમાં રહેતા હતા, એ માતા પિતાનું દુઃખ હું જોઈ શકું તેમ નથી. જેથી હું આખો આખો બંધ કરું છું. હું આશા રાખું છું કે મારા મોતનું શોખ મનાવતા નહીં અને તમે બધા હંમેશા ખુશ રહેશો તેવી લાગણી અનુભવું છું. હું મારા માતા પિતાને કદી દુઃખી જોઈ શકું તેમ નથી, જેથી હું આખરી ઊંઘ લઉં છું, ઉપરોક્ત દરેક વાક્ય મેં મારી સભાન અવસ્થામાં લખ્યા છે, હું યોદ્ધા છું, યોદ્ધા હંમેશા મુક્ત હોય છે

## કાપોદ્રામાં બે સંતાનના પિતાનો આપઘાત

સુરતઃ કાપોદ્રામાં રહેતા બે સંતાનના પિતાએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવાનના આપઘાત પાછળનું કારણ હાલ અકબંધ છે.મૂળ રાજકોટના જેતપુરના વતની અને હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલી પ્રભુદર્શન સોસાયટીમાં રહેતા 32 વર્ષીય મહેશભાઈ જીતુભાઈ બોદર પરિવાર સાથે રહે છે. મહેશભાઈ ગેરેજ ચલાવી પત્ની, એક પુત્ર તેમજ એક પુત્રી સહિતના પરિવારનું ગુજરાન ચલાવે છે. મંગળવારે વહેલી સવારે મહેશભાઈએ ઘરે છતની લોખંડની હૂક સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મહેશભાઈએ ક્યાં કારણોસર આપઘાતનું પગલું ભર્યું એ અંગે હાલ રહસ્ય છે. આ અંગે વધુ તપાસ કાપોદ્રા પોલીસ કરી રહી છે.

# હજીરા રો-રો ફેરીમાં ફરી દારૂની હેરાફેરી ઝડપાઈ, 18 લાખની મતા કબજે

**ટ્રકમાં** સ્ક્રેપની આડમાં છુપાવેલા દારૂ સાથે હજીરા પોલીસે બેની ધરપકડ કરી

સુરતઃ હજીરા રો-રો ફેરી ખાતે ફરી એક વખત વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ટ્રકમાં ભરેલા એમ.એસ સ્ક્રેપની નીચે છૂપાવાયેલા વિદેશી દારૂના જથ્થા સાથે બેની ધરપકડ કરી પોલીસે રૂ.1.09 લાખથી વધુનો દારૂ અને ટ્રક મળી કુલ રૂપિયા 18 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઝોન-5ના ડીસીપી રાજેશ પરમારે માહિતી આપતા જણાવ્યું હતું કે, સુરત તરફથી આવતી અશોક લેલન કંપનીની ટ્રક (નં. GJ-03-BT-9669)માં દારૂનો જથ્થો રો-રો ફેરી મારફતે ભાવનગર તરફ જવાનો હોવાની બાતમીના આધારે પોલીસે હજીરા સ્થિત રો-રો ફેરીના પાર્કિંગ ખાતે ટ્રકને અટકાવી ચકાસણી હાથ ધરી હતી. દરમિયાન ટ્રકમાં એમ.એસ સ્ક્રેપ ભરાયેલું જોવા મળ્યું હતું, પરંતુ ગુપ્ત રીતે છુપાવેલી કુલ 113 વિદેશી દારૂની બોટલો સાથે બે વ્યક્તિઓની ધરપકડ કરી હતી. પૂછપરછ કરતાં પોતાના નામ વિમલભાઈ ધીરૂભાઈ દોંગા તથા કિરણભાઈ બુધાભાઈ ભાટીયા (બંને રહે.,ગોંડલ, જિ.રાજકોટ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કબ્જે કરેલી દારૂની બોટલો જેની કિંમત રૂ.1,09,473 આંકવામાં આવી છે. આ ઉપરાંત ટ્રકમાં રહેલું એમ.એસ સ્ક્રેપ જેનું વજન 16.100 ટન છે, તેની કિંમત રૂ.7,02,926 દર્શાવવામાં આવી છે. પોલીસે ટ્રક કિંમત રૂ. 10 લાખ, દારૂની બોટલો, બે મોબાઈલ ફોન સહિતની તમામ દસ્તાવેજી વિગતો કબજે કરી કુલ રૂ.18,32,399નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બનાવ અંગે હજીરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અમલસાડ, અંધેશ્વર મંદિરની રજતજયંતી પર્વે નવીન પ્રકલ્પોનું મંત્રી સી.આર. પાટીલનાં હસ્તે લોકાર્પણ



**પાણી માટે ભવિષ્યમાં ત્રીજું વિશ્વયુદ્ધ થશેઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલ**

અમલસાડઃ તા. ૧૩/૦૪/૨૦૨૫ ને રવિવારે સાંજે અંધેશ્વર મહાદેવ મંદિર, અમલસાડની રજત જયંતી પર્વે સોળ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલ દ્વાદશ જ્યોતિર્લિંગ, શિવ બ્રહ્માંડ ઉપવન, રામકુટિર, સાંઈકુટિર, નવગ્રહ તથા અલ્પાહારગૃહ વગેરે નવીન પ્રકલ્પોનું કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલનાં હસ્તે લોકાર્પણ કરાયું હતું.

શ્રી અંધેશ્વર મંદિર ટ્રસ્ટના પ્રમુખ ડો. નિમેષ વશીએ સૌને આવકારતાં કહ્યું હતું કે ૮૦૦ વર્ષ પૂરાણા આ મંદિરનો ૧૨મી સદીમાં બહારી આક્રમણ દરમ્યાન નાશ થયો હતો અને આશરે ૩૨૫ વર્ષ પૂર્વે ગામલોકોએ એક નાનું મંદિર બનાવ્યું હતું. એ મંદિરનો સને ૨૦૦૧ માં જીર્ણોધ્ધાર કરાયો હતો. ૨૫ વર્ષના તબકકાવાર વિકાસમાં અમારા પારિવારીક ટ્રસ્ટ તથા એન્વાયરો કન્ટ્રોલ પ્રા. લી. સુરતે ઉમદા ભાવે રૂા. ૩૧ કરોડનું દાન ઉપરાંત સમયનું પણ યોગદાન આપ્યું છે. દાન કરતાં સમય મૂલ્યવાન છે. અમલસાડ અને સરીબુજરંગ બે જોડીયા ગામ છે. મારું પ્રાથમિક શિક્ષણ સરીબુજરંગ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અમલસાડ ગામે હતું અને મારે બંને ગામનું રૂણ ચૂકવવાનું હતું. અમલસાડ ગામમાં ધાર્મિક અને સામાજીક પ્રસંગો માટે સાંસ્કૃતિક હોલ તૈયાર થયો છે અને સરીબુજરંગમાં ત્રણ વર્ષ અગાઉ રૂા. ૪ કરોડના ખર્ચે સ્મશાનગૃહ બનાવવામાં આવ્યું કે જેનો આર્કિટેકટની દ્રષ્ટીએ દેશના પ્રથમ પાંચ સ્મશાનગૃહમાં નંબર આવે છે. સમાજની જરૂરીયાતોમાં મદદરૂપ થઈ પડે તે હેતુ તથા આ બંને પ્રોજેકટોના નિભાવ ખર્ચ માટે અમારા પારિવારીક ટ્રસ્ટ તરફથી દર વર્ષે રૂ.૧૧-૧૧ લાખ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. તે ઉપરાંત, ૧૦ લાખથી ઓછી આવક ધરાવતા અનાવિલ પરિવારની દિકરીના લગ્ન અંધેશ્વર મહાદેવ સંકુલમાં કરવામાં આવે તો તેમને અમારા પારિવારિક ‘પ્રિત ચેરીટેબલ ટ્રસ્ટ’ દ્વારા સંકુલની સુવિધાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સહાયનો લાભ અન્ય સમાજની જરૂરીયાતમંદ દિકરીઓ પણ લઈ શકશે. આ પ્રસંગે શ્રી અંધેશ્વર મહાદેવ મંદિરને ૬૫ લાખનું દાન આપનાર ઉ સંદિપભાઈ આસોલકર, CMD-એસ.એફ.સી., મુંબઈના નામે પર્યાવરણ માહિતી કેન્દ્ર બનાવવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, ડો. નિમેષ વશીએ ૨૫ વર્ષ દરમ્યાન જે નિર્માણ કર્યું છે એનો ઈતિહાસ આપ સૌની નજર સમક્ષ છે. મેં શ્રી અંધેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવી છે. ડો. નિમેષ વશી ટેકનોલોજીના માણસ છે. હું દક્ષિણ ગુજરાતની વાત મારા મંત્રાલયમાં ગૌરવપૂર્વક રજુ કરું છું. આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સો ગરણે પાણી ગાળ્યા પછી પાણી પીવે. ટેકનોલોજી અને વ્યકિત સારી હોય તો જ ઉદઘાટનમાં જાય છે. એમણે ડો. નિમેષ વશીના મહત્વના પ્લાન્ટો લોકાર્પણ કર્યા છે. નાના ગામમાંથી નીકળેલા વ્યક્તિની છલાંગ એટલી મોટી છે કે આપણા દેશમાં કાર્યરત વોટર અને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સૌથી વધુ એમના પ્લાન્ટ છે. દેશમાં સુએઝ-રિયુઝ અને રીસાઈકલ, ટર્શરી ટ્રીટમેન્ટનો અમલ કરવાનો શ્રેય ડો. નિમેષ વશીને જાય છે. જળશકિત મંત્રીએ કેચ ધ રેઈન જળસંચય અભિયાનમાં બે મહિના અગાઉ ૧૦ લાખ સ્ટ્રકચર પુરા કરાયા સહિતની અનેક માહિતી આપી હતી. શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે ત્રીજુ વિશ્વયુદ્ધ પાણી માટે થશે પરંતુ ભારતમાં શ્રી મોદી સાહેબના કરાયેલા પ્રયાસોથી એની સૌથી ઓછી અસર થશે. શ્રી પાટીલે એમના જળશક્તિ મંત્રાલય દ્વારા કરાયેલી કામગીરીની માહિતી આપી હતી અને લોકોને એમાં જોડાવાની અપીલ કરી હતી. સમારંભના અતિથિવિશેષ અને પર્યાવરણવીદ શ્રી સંદિપ આસોલકર, CMD-એસ. એફ.સી., મુંબઈ એ જણાવ્યું હતું કે ડો. નિમેષ વશી તથા ડો. આનંદ વશીએ અત્યાર સુધી દુનિયાની બધી જ આધુનિક ટેકનોલોજી ઉપર વોટર, સુએઝ, ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ, તથા મેમ્બરેઈન બેઈઝ વોટર અને ટરશીયરી ટ્રીટમેન્ટ પ્લાન્ટો બનાવ્યા છે. ડો. નિમેષ વશી ભારતમાં આ ક્ષેત્રમાં ૫૦ વર્ષનો સૌથી વધુ અનુભવ ધરાવતા આ કાર્યક્ષેત્રના તજજ્ઞ અને “ગુરૂ”છે આ પ્રસંગે ટ્રસ્ટીશ્રીઓ, સેવકો, મંદિરના કર્મચારીઓ તથા પ્રોજેકટના કન્સલ્ટન્ટ / આર્કિટેકટ શ્રી કોબિલ્ડ અને પીપલ કોલાજ, અમદાવાદનું સન્માન કરવામાં આવ્યું હતું અને મંદિરના કર્મચારીઓને રૂા. ૨૫ હજારના પુરસ્કાર સાથે સન્માનિત કરાયા હતા. મુંબઈના સાયલી કાંબલેએ ભજનો રજૂ કર્યા હતા. આ પ્રસંગે શ્રી પરેશભાઈ દેસાઈ (નવસારી જીલ્લા પંચાયત પ્રમુખ) ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી વિધાનસભા), ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ (નવસારી વિધાનસભા), ભારતીબેન વશી, સહિત વિભાગના તથા સુરત શહેરનાં અગ્રણીઓ ઉપરાંત એન્વાયરો કન્ટ્રોલ પ્રા.લી., સુરતના તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા.